ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૧.૪ ડીગ્રી
લઘુતમ : ૧૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૪૪ ટકા



ગાંધીનગરમાં આજે સવારે ઉમિયા માતાજીનો દિવ્ય રથ આવી પહોંચ્યો હતો જેનું સેકટર-૧૨માં ઉમિયા માતાજી સંસ્થાન ખાતે ભવ્ય સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે શહેરના પાટીદાર અગ્રણીઓ સહિત પંચદેવ મંદિરના મહંત ફુલશંકર શાસ્ત્રીજી, બ્રહ્માકુમારીઝના કૈલાશદીદી જેવા ધાર્મિક વડાઓ તેમજ ધારાસભ્ય શંભુજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ સહિત રાજકીય અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉમિયા માતાજીના દિવ્ય રથની આરતી બાદ પ્રસ્થાન કરાયું હતું પછી રથ સમગ્ર ગાંધીનગરમાં ફર્યો હતો જ્યાં ચૌરે ચૌટે સ્વાગત કાર્યક્રમ યોજાયા હતા.

# જુના સચિવાલયમાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતની કચેરીમાં એસીબીનો દરોડો

## વાર્ષિક કોન્ટ્રાક્ટમાં ડખ્ખા ઉભા ન કરવા હોય તો મહિને ૬૦ હજાર રૂપિયાની માંગણી કરનાર ઇન સ્કૂલ પ્રોજેક્ટનો ઇન્ચાર્જ પકડાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સ્થિત જુના સચિવાલય ખાતે બ્લોક નંબર-૧૪ માં આવેલી સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતની કચેરીમાં આજે બપોરે બરોડા એન્ટીકરપ્શન બ્યુરોની ટીમે દરોડો પાડયો હતો. એસીબીના દરોડાને પગલે જૂના સચિવાલયમાં સન્નાટો ફેલાઈ ગયો હતો. એસીબીની ટીમે સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાતમાં દરોડો પાડીને એજન્સી પાસેથી તેના વાર્ષિક કોન્ટ્રાક્ટમાં ડખ્ખા ઊભા ન કરવા માટે દર મહિને ૬૦ હજાર રૂપિયા આપવા પડશે તેમ કહીને લાંચની માગણી કરનાર ઈન સ્કૂલ પ્રોજેક્ટના ઈન્ચાર્જને લાંચ સ્વીકારતા રંગેહાથ પકડી પાડયો છે. એસીબીની ટીમે લાંચ સ્વીકારનાર કરાર આધારીત કર્મચારીની સામે કાયદેસરની કાર્યવાહી કરીને તેની ધરપકડ કરી સઘન પૂછપરછ શરૂ કરી છે કે તે જે રકમ અને માંગણી કરતો હતો તેમાં તેના ઉપરી અધિકારીઓનો પણ ભાગ હતો કે કેમ?!

સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાતની કચેરી દ્વારા દરેક જિલ્લામાંથી ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોટર્સ સ્કૂલ તરીકે પસંદગી પામેલી શાખામાં ચાલતા 'ઈન સ્કુલ' નામના પ્રોગ્રામ અંતર્ગત રાજ્યની સરકારી શાળાઓમાં અલગ-અલગ એજન્સીને ટેન્ડર પ્રક્રિયા દ્વારા ટેન્ડરીંગ કરવામાં આવે છે અને આ પ્રકારના ટેન્ડરીંગ કરી આવી સ્કૂલમાં રમતગમતની પ્રવૃત્તિને વેગ મળે અને સારા રમતવીરો તૈયાર કરવાના હેતુસર સ્પોર્ટ્સ ટ્રેનર, સ્પોર્ટ્સ કીટ અને સ્પોર્ટ્સ એજ્યુકેશન આપવા અંગેનો પ્રોગ્રામ વર્ષ ૨૦૧૫થી ગુજરાત સરકાર દ્વારા કાર્યરત છે. હાલ ગુજરાતમાં ૨૦૦ શાળાઓમાં આ પ્રોગ્રામ કાર્યરત છે. જે પૈકી એક એસ.વી એજ્યુકેશન સ્પોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ બેંગલોર ખાતેની એજન્સીને ૭૨ શાળાઓનાં કોન્ટ્રાક્ટ અપાયેલા છે. આ એજન્સીના રીજીયોનલ મેનેજર તરીકે ફરજ બજાવતા અધિકારીએ વડોદરા એસીબીને ફરિયાદ કરી હતી કે ગાંધીનગર સ્થિત જૂના સચિવાલયમાં આવેલી સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત નામની કચેરીમાં ચાલતા તેમના કોન્ટ્રાક્ટ ને ચાલુ રાખવો હોય તો એક સ્કૂલ દીઠ રૂપિયા ૯૦૦ માંગવામાં આવે છે. એટલે કે તેમની ૭૨ સ્કુલો મળીને રૂ. ૬૪,૮૦૦ ની રકમ થાય જે રાઉન્ડ ફિગર કરીને દર મહિને ૬૦ હજાર આપવા પડશે તેવી માગણી સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતની કચેરીમાં સ્થિત ઈન સ્કુલ પ્રોજેક્ટનાં ઈન્ચાર્જ સંદિપ અરવિંદભાઈ પંડ્યા કરી રહ્યા છે. આ ફરિયાદને પગલે વડોદરા એસીબીની ટીમે દરોડો પાડી છટકું ગોઠવીને ૬૦ હજારની લાંચ સ્વીકારતા કરાર આધારિત કર્મચારી સંદીપ પંડયાને રંગેહાથ પકડી પાડયા છે. એસીબી દ્વારા આ મામલે ગુનો દાખલ કરીને આરોપી અન્ય એજન્સી પાસેથી પણ ઉઘરાણા કરે છે કે કેમ? અને ઉપરી અધિકારીઓ પણ આ લાંચમાં સામેલ છે કે કેમ? તે સહિતની ઊંડી પૂછપરછ શરૂ કરવામાં આવી છે.







# એન.આર.એલ.એમ. યોજનાના કર્મચારીઓએ પડતર પ્રશ્નોને લઈ આવેદન પત્ર આપ્યું

ગાંધીનગર, તા.૫

રાજયમાં મિશન મંગલમ યોજનામાં કામગીરી કરતા કર્મચારીઓને આરટીઆઈ એક્ટ ૨૦૦૫ અંતર્ગત જાણવા મળ્યું છે કે વર્ષ ૨૦૧૧માં ફરજ બજાવતા કર્મચારીઓને ત્રણ વખત પર્ફોર્મન્સ આધારે નોકરી પર ચાલુ રાખવા છતા પણ પગારમાં કોઈ પણ પ્રકારનો વધારો કરાયો નથી. જયારે વર્ષ ૨૦૧૪ માં ભરતી કરવામાં આવેલા માત્ર રાજયકક્ષાની કચેરીના જ કર્મચારીઓનો પગારમાં તોંતિગ વધારો કરાયો છે. જેથી મિશન મંગલમ યોજનામાં કામ કરતા કર્મચારી ભાઈ બહેનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ જિલ્લા -તાલુકા કક્ષાએ ફરજ બજાવતા કર્મચારીઓને એક પણ રૂપિયાનો વધારો કરાયો નથી.

ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા પોતાના વતન તેમજ તેની નજીકમાં બદલી કરવા માટે માંગણી કરી રહ્યા છે. પરંતુ અધિકારીઓ દ્વારા તેમની બદલી કરવામાં આવી હતી. પરંતુ ખાલી પડેલી તે જગ્યા ઉપર હજુ સુધી ભરતી કરાઈ નથી. હાલમાં મોટાભાગની જગ્યાઓ ખાલી જોવા મળી રહી છે. પરંતુ સહકર્મચારીઓને તેનો ચાર્જ સોંપીને કામગીરી કરવામાં આવે છે. જયારે એક જ વેતનમાં બે કામ કરાવવામાં આવે છે. ત્યારે કર્મચારીઓની માંગણી છે કે આ તમામ જગ્યાઓ ભરવામાં આવે અને કર્મચારીઓને નિયમ મુજબના પગાર પણ ચુકવવામાં આવે. તે ઉપરાંત આજદિન સુધી કર્મચારીઓના પીએફના નાણા જમા કરાવ્યા નથી. જો અધિકારીઓ દ્વારા અમારી માંગણી સ્વીકારવામાં નહીં આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચિમકી પણ કર્મચારીઓએ ઉચ્ચારી છે.

@ગાંધીનગર

● સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગની નેશનલ કોન્ફરન્સ ઓડીટોરીયમ હોલ સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ સે-૧૨ સિવિલ કોમ્પસ ખાતે યોજાશે.

● મધુર ડેરીના ૪૮મા સ્થાપના દિન નિમિત્તે મધુર શાકભાજી પ્રોજેકટનો દરોલા-ધણપ ખાતે સવારે ૯.૩૦ કલાકે શુભારંભ થશે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક ગુરુવારે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગરની ફેબ્રુઆરી ૨૦૧૯ની માસિક બેઠક તા. ૭મી ફેબ્રુઆરી ગુરુવારના રોજ સાંજે ચાર વાગે પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળે, સે-૨૨ ખાતે યોજાશે તેમ પ્રવર મંત્રી રમણલાલ એમ. શ્રીમાળીએ જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ સંજયભાઈ શંકરભાઈ, ઉ.વ. ૩૫
- સ્વ. ઠાકર વસંતરાય દિગંબર, ઉ.વ. ૯૫
- સ્વ. ઉષાબેન લાલસિંહ બિહોલા, ઉ.વ. ૫૭



સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગરના ભૂગોળ વિભાગ દ્વારા વિષયના અભ્યાસક્રમના ભાગરૂપે ટી.વાય અને એમ.એ.ના વિદ્યાર્થીઓને તાજેતરમાં મહીસાગર જિલ્લાના બકોર સ્થિત ઈકોલોજિસ્ટ સેન્ટરની મુલાકાત લઈ જવામાં આવ્યા હતા. સ્થાનિક પર્યાવરણ પરિસ્થિતી અને આદિવાસી સંસ્કૃતિ સાથે સાથે પુરાતત્વ ઐતિહાસિક અવશેષોનો અભ્યાસ પણ હાથ ધરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ ભૂમિ સ્વરૂપો, ખડકો, વનસ્પતિ, અને જૈવ વૈવિધ્યનું અવલોકન કર્યું હતું અને તેનો વિગતે રિપોર્ટ તેઓ જનરલમાં પ્રસ્તુત કરશે. તેઓની સાથે સદર કોલેજના અધ્યાપકો પ્રો.ફાલ્ગુનીબેન શાહ, પ્રો.જોલીબેન દેસાઈ, પ્રો.ચેતન ચૌહાણ, પ્રો.અજય વાળંદ, પ્રો.કૃષ્ણવીરસિંહ ઝાલા અને ગ્રંથપાલ શ્રી મહેશ નંદાણિયા પણ જોડાયા હતા.

# ગરવી ગુર્જરીના પ્રદર્શનમાં ગાંધીનગરના ચિત્રકારે મુલાકાતીઓનું ધ્યાન ખેંચ્યુ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે રાજય સરકારના ગરવી ગુર્જરી દ્વારા ઈન્ટરનેશનલ બાયર્સ સેલર્સ સમિટ યોજાઈ છે. જેમાં શહેરના આર્ટિસ્ટ રાજેન્દ્રકુમાર શ્રીમાળીને પણ સ્થાન પ્રાપ્ત થયું છે. રાજુભાઈના હુલામણા નામથી ઓળખાતા આ કલાકાર વિવિધ પ્રકારની ચિત્ર શૈલી પર સારી હથોટી ધરાવે છે અને અત્યાર સુધીમાં તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, ચીમનભાઈ પટેલ સહિત અનેક હસ્તિઓના પોટ્રેટ ચિત્રો દોરી ચુકયા છે. રાજુભાઈ ડાયરાના ભજનિક કલાકાર પણ છે અને આઈટીઆઈમાં પેઈન્ટર ટ્રેડમાં ગેસ્ટ ફેકલ્ટીની સેવાઓ પણ આપે છે.

રાજુભાઈ મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાગંધ્રા તાલુકાના કંકવટી ગામના વતની છે અને ચિત્રકળાનું કૌશલ્ય તેમને વારસામાં મળ્યું છે. તેમના પિતા આજે ૭૩ વર્ષની વયે પણ સારા ચિત્રકાર છે. રાજુભાઈએ પ્રભુદાસ પંડિત પાસેથી ચિત્રકળા શીખી છે અને ૧૯૯૯માં ગાંધીનગરની આઈટીઆઈની પેઈન્ટર જનરલ બેચ-૪૮માં તાલીમ કોર્સ કર્યો હતો. આ પછી ૨ વર્ષ બાદ તેમણે વિવિધ જાણીતી હસ્તીઓના ચિત્રો દોરવાનું શરુ કર્યુ હતું. જેમાં રાજકીય ઉપરાંત સાંસ્કૃતિક હસ્તીઓ જેવી કે ભીખુદાન ગઢવી, હેમંત ચૌહાણ, અભિનય સમ્રાટ સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદી, અભિનેતા દિલીપકુમાર વગેરેના ચિત્રો દોરી તેમના ઓટોગ્રાફ મેળવવા સાથે પ્રસંશા પ્રાપ્ત કરી છે. રાજુભાઈએ પન્સિલ સ્કેચ, લાઈવ સ્કેચ, પેન્સિલ હોર્ડિંગ, વોટર કલર, પોસ્ટર કલર, ઓઈલ કલર, એક્રેલિક કલર વગેરે પધ્ધતિથી નેચરલ તથા મોર્ડન આર્ટ સહિતના વિવિધ ચિત્રો સારી રીતે દોર્યા છે જેમાંથી ગીરના સિંહની જોડીનું ચિત્ર તેમનું સૌથી મોંઘુ ચિત્ર છે જે મુલાકાતીઓને આકર્ષી રહ્યું છે.



# પેથાપુરથી સિવિલ હોસ્પિટલ અમદાવાદ માટે એસ.ટી.માં લેવાતું અલગ-અલગ ભાડુ


## પેથાપુરથી સિવિલ માટે વિવિધ ડેપોના ભડાપત્રકમાં તફાવત લાંબા સમયથી વસુલાતી વધુ રકમ અગે તંત્ર અજાણ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરની સરહદે આવેલા પેથાપુર એસ.ટી.ની અનેક સમસ્યાઓથી ઘેરાયેલું છે. મુસાફરીના એકમાત્ર વિકલ્પ એવા એસ.ટી. દ્વારા સતત થઈ રહેલા અન્યાયથી નાગરિકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. જેમાં વળી એસ.ટી.એ એક જ બસ સ્ટોપ માટ અલગ અલગ ભાડુ વસુલી પેથાપુરના નાગરિકોને આર્થિક નુકસાન પહોંચાડયાની રાવ ઉભી થઈ છે. જેમાં પેથાપુરથી અમદાવાદની સિવિલ હોસ્પટિલના ભાડામાં વિવિધ ડેપોની બસો અલગ અલગ ભાડુ વસુલે છે તેમજ નક્કી થયા મુજબ ગામમાં જવાના બદલે ચોકડી ઉપર જ પેસેન્જરોને ઉતારી મુકતા હોવાની ફરિયાદો ઉભી થઈ છે.

પેથાપુર નગરપાલિકાના આશરે ૧૫૦૦૦થી વધુ નાગરિકો માટે જાહેર પરિવહનનો એક માત્ર વિકલ્પ એસ.ટી. બસ છે. એસ.ટી. બસ માટે ગામ વચાળે કન્ટ્રોલ પોઈન્ટ સાથેનું બસ સ્ટેન્ડ પણ ઉપલબ્ધ છે પરંતુ તંત્રએ કન્ટ્રોલર મુકયા નથી જેથી અનેક સમસ્યાઓ ઉભી થઈ છે. તંત્રના થયેલા નિર્ણય મુજબ દરેક બસને પેથાપુર ગામમાં જવું જરુરી છે છતાં આદેશોનું ઉલ્લંઘન થઈ પેથાપુરના મુસાફરોને પેથાપુર ચાર રસ્તે જ ઉતારી દેવાય છે તો વળી પેથાપુરથી અમદાવાદ સિવિલ હોસ્પિટલના સ્ટોપેજનું ભાડુ વિવિધ ડેપોની બસો અલગ અલગ રીતે વસુલ કરે છે.

આ અંગે પેથાપુર એસ.ટી. બસ પેસેન્જર એસોસીએશનના ઉપપ્રમુખ રતિલાલ સી. ઠકકરે મહેસાણા એસ.ટી.ના વિભાગીય નિયામકને પત્ર લખી ફરિયાદ કરી છે તો સલાહકાર સભ્ય કેયુર કે. પટેલે વધુ ભાડુ વસુલવા અંગે ડેપો મેનેજર સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે આ અંગે તપાસ કરીશું. આમ એસ.ટી. નિગમ દ્વારા ફકત દફતરે નોંધ પાડવા જ વિવિધ ડેપોને આદેશ કરતું હોય છે જયારે તેની સમીક્ષા કરવામાં આવતી નથી તેવો આક્ષેપ પેથાપુરના જાગૃત નાગરિકો કરી રહ્યા છે. વધુ ભાડુ વસુલવામાં બાપુનગર વિસનગર બસમાં રૂ. ૨૬ની ટીકીટ અપાય છે જયારે અમદાવાદ-ચાડા બસમાં રૂ. ૨૪ની ટીકીટ મુસાફરોને અપાય છે. આમ લાંબા સમયથી વસુલાતી વધુ રકમ અંગે તંત્ર ઉંઘતું ઝડપાયું છે જયારે સામાન્ય નાગરિકોને ફરિયાદ કરવા પેથાપુરના કન્ટ્રોલ પોઈન્ટમાં કોઈ જવાબદાર વ્યકિત તંત્ર મુકતું નથી જેથી મુસાફરો વિવિધ પ્રશ્નો થકી હેરાન પરેશાન થઈ ગયા છે.




# અરિહંત નર્સિંગ કોલેજ દ્વારા જીસીએસ હોસ્પિટલ નરોડાની શૈક્ષણિક મુલાકાત યોજાઈ





ગાંધીનગર, તા.૫

અરિહંત ઈન્સ્ટીયુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર દ્વારા બી.એ.સી. નર્સિંગ અને જીએનએમ નર્સિંગ વિદ્યાર્થીઓ માટે બે દિવસનું કલીનીકલ વિઝિટ ભાગ રૂપે જીસીએસ મેડિકલ કોલેજ, હોસ્પિટલ અને રિસેર્ચ સેન્ટર, ચામુંડા બ્રિજ, નરોડા રોડની મુલાકાત ગોઠવી હતી. જેમાં ૫૪ વિદ્યાર્થીઓએ જીસીએસ હોસ્પિટલના વિવિધ વિભાગોની માહિતી મેળવી હતી.

વિદ્યાર્થીઓએ ઓપેરશન રૂમ, બ્લડ બેંક, બહાર દર્દી વિભાગ, માઈક્રોબાયોલોજી લેબ, જનરલ વૉર્ડ, આંતરિક સંભાળ એકમ (આઈસીયુ), સીએસએસડી જેવા વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી અને દરેક વિભાગના એકસપર્ટ દ્વારા જરૂરી ઉપયોગી એવી માહિતી એકઠી કરી હતી.

આ મુલાકાતનો હેતુ, વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન મળે અને તેમના રોજિંદા વર્ગખાંડ ના અભ્યાસ જોડે તેને સમજી શકે તે માટેનો હતો.

અરિહંત ઈન્સ્ટીયુટ ઓફ નર્સિંગ, ગાંધીનગરના ઈનચાર્જ પ્રિન્સિપાલ જીબીન વર્ગીસ એ વધુ માં જણાવ્યું હતું કે, આ મુલાકાત, વિદ્યાર્થીઓ માટે ખુબ જ ઉપયોગી અને શિક્ષિત રહી હતી જેમાં વિદ્યાર્થીએ હોસ્પિટલ, દર્દીઓ અને પોતાના ભણતરને લગતા પ્રશ્નો જે તે વિભાગના નિષ્ણાતને પૂછ્યા હતા અને સાચી માહિતી એકઠી કરી હતી. નર્સિંગના વિદ્યાર્થીઓ માટે જેટલું જરૂરી થિયોરી ભણતર છે તેટલું જ પ્રકટીકલ જ્ઞાન હોવું જરૂરી છે. વિદ્યાર્થીઓએ હોસ્પિટલના અલગ અલગ ખાતાઓ, નર્સ અને ડોકટર્સની વિવિધ કામગીરી, અત્યાધુનિક વિવિધ મેડિકલ મશીનો અને આ મુલાકાતમાં તેઓ શું નવું શીખ્યા તેના વિષે વિદ્યાર્થીઓએ પોતાનો અલગ એક અહેવાલ પણ અભ્યાસના ભાગ રૂપે બનાવ્યો હતો.